# <u>ગુજરાત વિદ્યાપીઠ દ્વારા આયોજિત નિબંધ સ્પર્ધામાં જબુગામ કોલેજનો વિદ્યાર્થી દ્વિતીય ક્રમે</u>

ગાંધીદર્શન વિભાગ અને શાંતિ સંશોધન કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા ગુજરાત રાજ્યની યુનિવર્સીટીઓની વિવિધ કોલેજો અને ભવનોના વિદ્યાર્થીઓ માટે "નકસલવાદની સમસ્યા (Problem of Naxalism)" વિષય ઉપર નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત વિષય પર ગુજરાતી/હિન્દી/અંગ્રેજી કોઈ પણ એક ભાષામાં ૩૦૦૦ શબ્દોમાં નિબંધ લખી મોકલવાનો હતો. આ સ્પર્ધામાં રાજ્યભરમાંથી કુલ ૧૧૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અત્રેની કોલેજ ઓફ એગ્રીકલ્ચર, જબુગામના ૫ માં સત્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી વિક્રમ શિયાળે પણ આ સ્પર્ધામાં ભાગ લીધેલ, જેમાં તેઓ રાજ્યભરમાં દ્વિતીય ક્રમે આવેલ છે. જબુગામ કોલેજ તેમને આ સફળતા બદલ હાર્દિક અભિનંદન પાઠવે છે. ગુજરાત વિદ્યાપીઠ દ્વારા દ્વિતીય ક્રમ મેળવનાર વિક્રમ શિયાળને રૂ. ૧૧૦૦/- નું પ્રોત્સાહક ઇનામ આપવામાં આવશે.